ડૂબી ગઇ અર્ધી પ્રજા, હવે તારવા બેઠા છે,
ત્રાસ્યા રાક્ષસોથી ખૂબ હવે મારવા બેઠા છે,
ચારવા બેઠા છે છતાં ચરી ગ્યું એનું જ ઘણ -
ઢોળાઇ ગઇ આબરૂં, હવે સારવા બેઠા છે!
(જગ્યા, મોહન પ્યારે..)

એના કરતાં
ઉદ્યોગપતિઓ નાં
ઝાડ ખંખેરો!
(ઓટા'ના વન)

ભરો પગલાં,
મુલાયમ ને પૂછી -
હવે, મેડમ!
(બોસ ના બોસ..)

ચિંતન

ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ ।
હવિષા કૃષ્ણ વર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે ॥

ખરેખર તો, વાસનાઓ-ઇચ્છાઓ એનો ઉપભોગ કરી લેવાથી પણ શમતી નથી, સંતોષાતી નથી, શમન થતું નથી, પણ જે રીતે અગ્નિકુંડમાં હોમવાનાં દ્રવ્યો-દ્રવ્ય સામગ્રી- ઘી-તેલ-ચોખા વગેરે હોમવાથી જેમ અગ્નિકુંડનો અગ્નિ વધારે પ્રદીપ્ત પ્રજ્જ્વલિત થાય છે તેમ, વાસનાઓને જેમ જેમ ભોગવવામાં આવે તેમ તેમ તે વધતી જ જાય છે. વાસનાઓ ભોગવવાથી પરિતૃપ્તી થતી નથી, સંતોષાતી નથી..'

માણસને જેમ ભૂખ લાગે અને ખાવાનું જોઇએ અને ખાધા પછી જેમ 'સંતોષનો ઓડકાર આવી જાય, ભૂખ સમી જાય, પછી કોઇ આગ્રહ કરીને ખવડાવે તો 'ના' પાડવી પડે છે, જેમ તરસ લાગી હોય અને લોટો પાણી પીધા પછી સંતોષ થઇ જાય, પછી એક ઘૂંટડો પણ પાણી પી શકાતું નથી, તરસ છિપાઈ જાય છે. આમ, ભૂખ અને તરસના ઉપભોગ પછી જેમ તેનું સમન થઇ જાય છે તેમ વાસનાઓ-ઇચ્છાઓ કે અપેક્ષાઓ કદાપિ પૂર્ણ થતી નથી, સંતોષ થતો નથી, ઉલ્ટું હવનમાં જેમ જેમ દ્રવ્ય ઉમરેવામાં આવે તેમ તેમ અગ્નિ વધારે ભભૂકે છે. વધારે માગે છે તેમ વાસનાઓનું છે.

વાસનાઓ-ઇચ્છાઓની પરિતૃપ્તિ કદાપિ શક્ય નથી એક ઇચ્છા પૂરી થાય અને બીજી જન્મે જ છે.

સુવિચાર

- જે સંગઠનમાં અનીતિથી ધર્મ, અસત્યથી સત્ય ઠરવાનો ઉદ્દેશ હોય તે સંગઠનમાં બીજા બધા મૃતક જેવા જ હોય છે - **મહર્ષિ દયાનંદ**
- સંગઠિત થનારા જ અડીખમ ઉભા રહી શકે છે, વિભાજિત લોકો ક્યડાઇ-વેરવિખેર થઇ જાય છે - **કેન્નેડી**
- સંગ્રહિત નાનાં રાજ્યો પણ ઉન્નત થઇ વિકાસ સાધી શકે પણ મોટું રાષ્ટ્ર પણ વિભાજિત રાજ્યોથી બન્યું હોય તો તે દેશ અને રાજ્યો નષ્ટ થઇ જાય છે- **સાલવેસ્ટ**
- બંધુત્વની ભાવનાથી સંગઠિત રહેવામાં, ઉન્નતિ અને વિકાસ થાય છે - **બાઇબલ**
- સંગઠન સાથે રહી પ્રાણ આપવાની તૈયારી હોવી જરૂરી છે, વિઘટિત થતાં જ અલગ-અલગ રહી પ્રાણ ગુમાવીશું. - **ફ્રેંકલીન**
- માનવ માટે ક્રૂરમાં ક્રૂર શાપ છે પરાધીનતા - **સુભાષચંદ્ર બોઝ**
- જે વ્યક્તિ એવા ભ્રમમાં જ રહે છે કે હું સ્વતંત્ર છું, આનાથી અધિક દયાપાત્ર સ્થિતિ બીજી કોઇ નથી - **ગેટે**

બોધ કથા

પહેલાં આપણે 'મનપા આપો', 'મનપા આપો'ની કાગારોળ કરી ઘરણાં-અપવાસ-કોર્ટ સુધી ગયા હવે મનપા મળી તો કહીએ સફાઇ થતી નથી, વેરા માગે છે, સફાઇ વેરો, શિક્ષણ કર - મિલ્કત વેરો વગેરે... મનપા કામ ક્યાંથી કરે? પૈસા ઝાડ પર તો ઉગતા નથી!

એક સુંદર ફૂલવાડી જેવા વનમાં ફળ-ફૂલના ખૂબ વૃક્ષો હતાં. ત્યાં કોયલ-પોપટ-મેના જેવાં અનેક નાનાં પશુ-પંખી સુગંધી વાતાવરણમાં કલરવ કરતાં, 'ગાંધીનગર' જેવું જ ઉદ્યાન નગર સમજી લ્યો ને?

હવે એમાં ઝેરી દવાથી એક બે ફૂતરાં મરી ગયાં, દુર્ગંધ ફેલાઇ 'જાગૃત' પંખીઓએ સભા ભરી અને ઉદ્યાનમાં એક 'ગીધ' ની 'સફાઇ કમિશ્નર' તરીકે નિમણૂંક કરી, ગીધ 'કમિશ્નર' તરીકેની ફરજમાં ચોક્કસ હતું. મરેલા પશું-પખી તો ખાઇ જતું પણ અર્ધા માંદા-સાંજા નબળાંને પણ ચોરી છૂપીથી ખાઇ જતું.

પંખી મનમાં સમસમી બેસી રહેતાં પણ એક નવો ત્રાસ શરૂ થયો, ગીધની છેર'ની દુર્ગંધ એવી ફેલાવા લાગી કે જાણે મિલ્કત વેરો? - હવે પોતે જ 'કમિશ્નર' તરીકે ગીધને લાવ્યાં હતાં ફરિયાદ પણ કોને કરે??

માથું ફાટી જાય એવી દુર્ગંધ સહન કરી માથે હાથ દઇ બેસી રહેવા સિવાય હવે થાય પણ શું?!

જ્યારે સ્નેહાનું નામ બોલાયું ત્યારે તે પોતાના માતા-પિતાના આશીર્વાદ લઇને મંચ તરફ આગળ વધી, તેના ચહેરા પર આત્મવિશ્વાસની ઝલક જોઇ શકાતી હતી

સ્નેહા તેના મમ્મી પપ્પાની એકની એક દીકરી હતી. તેને ઘરનાં સૌ ખૂબ જ પ્રેમ કરતાં હતા. સ્નેહાના પપ્પા તો તેને દીકરી નહીં પણ દીકરો જ માનતા હતા. સ્નેહા ને જે પ્રેમ અને લાડકોડ મળતાં તેટલી એ પોતાના કર્તવ્ય અંગે સજાગ રહેતી હતી. તે પોતાનું હોંમવર્ક નિયમિત રૂપે કરતી. મન લગાવીને ધ્યાનપૂર્વક ભણતી. તેથી કલાસમાં એ બધા ટીચરોની માનીતી થઇ ગઇ હતી. તેના કારણે એ દર વર્ષે વર્ગમાં પ્રથમ નંબરે પાસ થતી હતી. જયારે એ આઠમામાંથી નવામાં ધોરણમાં આવી ત્યારે આખી સ્કૂલમાં જાણીતી માનીતી બની ગઇ.

સ્નેહાના પપ્પા મધ્યમ વર્ગના હતા. તે એક સરકારી શાળામાં શિક્ષક હતા. તેથી એ સ્નેહાને કોઇ પ્રાઇવેટ સ્કૂલમાં ભણાવી શકે તેમ ન હતા. તેથી તેમણે પોતાની દીકરીને સમજાવતાં કહ્યું, 'બેટા, સરકારી સ્કૂલમાં ભણનાર વિદ્યાર્થી પણ જો મન લગાવીને પરિશ્રમપૂર્વક નિયમિત અભ્યાસ કરે તો તે પણ કાયમ ફર્સ્ટ કલાસમાં પાસ થઇ શકે છે. તેથી તું કયારેક એવું ન વિચારતી કે તને પ્રાઇવેટ સ્કૂલમાં ભણવા ન મળ્યું તેથી તું પાગલ રહી જઇશ.' એ રીતે સ્નેહાના મનમાં હીન ભાવના પ્રગટે એ પહેલાં જ તેના પપ્પાએ મનમાં એ ગ્રંથીને પ્રવેશવા જ ન દીધી.

તે જ કારણે સ્નેહાના ઘરની નજીકમાં આવેલ ઑફીસર્સ કોલોનીમાં રહેતા સુમિતની સાથે તેની મિત્રતા થઇ ગઇ જે પ્રાઇવેટ સ્કૂલમાં ભણતો હતો.

સુમિત મોટા અધિકારીનો પુત્ર હતો. તે પણ પોતાના મમ્મી-પપ્પાનો લાડકો હતો. અધિકારી હોવાને કારણે તેને કયારેય કોઇ વાતની કમી રહેતી નહીં. તેથી તેના પપ્પાએ તેને એક ખૂબ જ જાણીતી પ્રાઇવેટ સ્કૂલમાં એડમિશન અપાવ્યું હતું.

એક જ સેકટરમાં રહેતા હોવાથી સ્નેહા અને સુમિતની મિત્રતા વધતી ગઇ. સ્કૂલથી છૂટ્યા પછી બંને સાથે સાથે રમતાં અને અભ્યાસની વાતો પણ કરતાં. બંને એકબીજાને ઘેર અવારનવાર આવતાં જતા. એ રીતે બંને એકબીજાનાં કુટુંબ સાથે હળીમળી ગયાં હતા.

જેમ જેમ સ્નેહા અને સુમિત ઉપરના ધોરણમાં જવા લાગ્યાં તેમ તેમ ભણતરના ભારણને કારણે તેમના વચ્ચે હળવા મળવાનું ઓછું થઇ ગયું. સ્નહાને મનમાં આશંકા ઉભી થઇ કે કદાચ એવું બન્યું હોય કે સુમિતે પણ મનમાં પ્રાઇવેટ સ્કૂલમાં ભણતા અન્ય વિદ્યાર્થીઓની જેમ ગ્રંથી બંધાઇ ગઇ હોય કે સરકારી સ્કૂલમાં ભણતાં વિદ્યાર્થી તેના પ્રમાણમાં નિમ્ન કક્ષાના હોય છે.

નવાં કલેવર
- નટવર હેડાઉ

તેને મનમાં આશંકા થતાં તેના સમાધાન માટે એ સુમિતના ઘેર પહોંચી. તેને જોતાં માત્ર સુમિત નહીં તેની મમ્મી પપ્પા પણ ખુશ થયાં. તેના સારાં વર્તનને કારણે સ્નેહા પણ રાજી થઇ અને તેની આશંકા દૂર થઇ ગઇ. છતાં તેના મનમાં કંઇક ગડમથલ ચાલતી હતી.

ત્યારે સ્નેહાએ પોતાના બાળપણની નિર્દોષતાને જાળવી રાખતાં પોતાની વાત પપ્પાને કરી અને પૂછ્યું 'પપ્પા સુમિત હમણાથી મારી સાથે વાત કરતો નથી. અને આ તરફ આવતો પણ નથી. શું એ પણ પોતાની જાતને કંઇક અલગ માનવા લાગ્યો હશે? શું તેના મનમાં એવી ભાવના આવી ગઇ હશે કે એ એક મોટા અધિકારીનો દીકરો છે. અને હું એક શિક્ષકની દીકરી. એ કારણે તે મારાથી દૂર રહેવાનું પસંદ કરવા લાગ્યો છે.'

તેનો જવાબ આપતાં સ્નેહાના પપ્પાએ કહ્યું, 'એવું થવું તો ન જોઇએ. આ નાના મોટાના ભેદ તો અંગ્રેજોએ પોતાને શ્રેષ્ઠ અને ઊંચા ગણાવવા ઊભા કર્યા હતા. પણ હવે તો અંગ્રેજોનું રાજ ગયે ઘણો લાંબો સમય વિતી ગયો છે. સુમિતના મમ્મી પપ્પાને હું ઓળખું છું. અને સુમિતને પણ આપણે જાણીએ છીએ. એ એવો નથી. પણ એવું બની શકે કે ઉચ્ચ અભ્યાસની સાથે સાથે જવાબદારી - વધતા તેને સમય મળતો ન હોય. તેના કારણે કદાચ એવું બની શકે.'

'સ્નેહા પપ્પાનો આ જવાબ સાંભળી ખુશ થઇ, ત્યાં વળી એક દિવસ જિલ્લા કક્ષાની વકૃત્વ સ્પર્ધાની જાણ તેને થઇ. તેમાં ભાગ લેવા માટે સ્પર્ધકોના નામ શહેરની જુદી જુદી શાળાઓમાંથી માંગવામાં આવી રહ્યાં હતા. સ્પર્ધાનો વિષય હતો. ગુજરાતી વિરૂધ્ધ અંગ્રેજી.'

સ્નહાએ પોતાનું નામ ગુજરાતી માટે લખાવ્યું. પેલી તરફ સુમિતે પણ પોતાનું નામ લખાવ્યું પણ અંગ્રેજી માટે લખાવ્યું હતું. સ્નેહાને ખબર પડી કે સુમિત અંગ્રેજીની તરફદારી કરી બોલવાનો છે તો તેને આશ્ચર્ય થયું. કદાચ એ અંગ્રેજી માધ્યમની શાળામાં ભણે છે તેથી અંગ્રેજીની ફેવર કરવાના હેતુથી એવું કર્યું હશે.

છેવટે નક્કી થયેલ તારીખે સાંજના સમયે નગરના ટાઉનહૉલમાં દલીલોના દ્વંદ્વયુધ્ધ સમું વાગ્યુધ્ધ જામ્યું. ફક્ત શહેરના નહીં પરંતુ જિલ્લાની અગ્રણીમ શાળાઓનાં પ્રતિસ્પર્ધીઓ, શિક્ષકો, આચાર્યો, નિર્ણાયક મંડળના સભ્યો, જિલ્લા સમાહર્તા અને આમંત્રિત મહાનુભાવોથી હૉલ ખીંચોખીંચ ભરાઇ ગયો.

જેવી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી ત્યાં એક પછી એક પ્રતિસ્પર્ધીઓ ગુજરાતી અને અંગ્રેજી ભાષાની તરફેણમાં અને વિરૂધ્ધમાં પોતપોતાના વિચારો રજૂ કરવા લાગ્યાં. છેલ્લે હવે બે સ્પર્ધકો બાકી રહ્યાં.

જયારે સ્નેહાનું નામ બોલાયું ત્યારે તે પોતાના માત-પિતાના આશીર્વાદ લઇને મંચ તરફ આગળ વધી. તેના ચહેરા પર આત્મવિશ્વાસની ઝલક જોઇ શકાતી હતી. સ્નેહાએ મંચસ્થ મહાનુભાવોને નમસ્કાર કરી સભાગૃહમાં બેઠેલ સૌનું અભિવાદન કર્યું. પછી ગુજરાતીની તરફેણમાં બોલવા લાગી. 'મિત્રો સ્વતંત્રતા પછી ભારતીય ગણતંત્ર ને એક સૂત્રમાં બાધવાં માટે રાજકાજની ભાષા તરીકે અંગ્રેજીની જગ્યાએ કોઇ એક ભારતીય ભાષા પસંદ કરવાની હતી. તે માટે હિન્દી સૌથી શ્રેષ્ઠ અને ઉપયોગી ભાષા રૂપે માન્ય થઇ. તેથી ભારત સરકારે તેને રાજભાષાની સાથે સાથે રાષ્ટ્રભાષા તરીકે માન્યતા આપી. તેની લીપી દેવનાગરી છે એ તેની વિશેષતા છે, અને તે દેશમાં બધે જ બોલાય છે. પરંતુ રાષ્ટ્રભાષાની સાથે સાથે ભારત જેવા વિશાળ દેશમાં બીજી પણ ઘણી બધી ભાષાઓ બોલાય છે અને ભારતની પ્રાંતવાર રાજ્ય રચના પણ ભાષાઓના આધારે થઇ છે. એ રીતે ગુજરાતી આપણી માતૃભાષા તો છે જ તે સાથે સાથે રાજભાષા પણ બની છે. તે આપણી પોતાની ભાષા છે. તેની એક ખાસ વિશેષતા પણ છે. આપણે જે ધ્વનિ કે ઉચ્ચાર કરીએ છીએ. એજ અક્ષર રૂપે લખાય છે. જયારે અંગ્રેજીમાં એવું નથી, જરાક અટકીને એ બોલી ગુજરાતીમાં એક શબ્દના અર્થ માટે એકથી વધુ શબ્દની આપણે જરૂર પડતી નથી. પણ અંગ્રેજીમાં એવું નથી. કારણ કે ગુજરાતીમાં જે શબ્દ લખાય છે, તેનું ઉચ્ચારણ તેના ધ્વનિ અનુસાર હોય છે. પણ અંગ્રેજીમાં એવું હોતું નથી.' સ્નેહાએ એ વાતના સમર્થન માટે એવા ઘણા શબ્દો અને તેના ઉચ્ચારોનાં ઉદાહરણ આપ્યાં.

સ્નેહાએ પોતાની વાત ગુજરાતીની તરફેણમાં એક કથન સાથે પૂર્ણ કરી. 'જ્ઞાન વૃધ્ધિ માટે અંગ્રેજી સહિત વિદેશી ભાષાઓ શીખવી જોઇએ. પરંતુ માતૃભાષાને પહેલું સ્થાન આપવું જોઇએ. રાજય અને રાષ્ટ્રની સમૃધ્ધિ, સફળતા તેમજ સાહિત્યિક અને સામાજિક તાણા વાણાને મજબૂત કરવા માટે ગુજરાતી જેવું કોઇ શસક્ત માધ્યમ નથી. હિન્દી જેવી આપણી રાષ્ટ્રભાષાની સાથે પણ તેનો નજીકનો નાતો છે. અને બંનેનો મૂળ શ્રોત સંસ્કૃત છે. તેને રાજભાષા તરીકે સ્વીકારી છે ત્યારે તેનું ગૌરવ જળવાય અને ગુજરાતી બોલતાં આપણને ગૌરવ થાય તેવું વાતાવરણ સર્જવું જોઇએ.'

જયાં સ્નેહાએ ખૂબ સરસ રીતે પોતાની વાત પુરી કરી ત્યાં તાળીયોનાં ગડગડાટથી આખું સભાગૃહ ગાજી ઉઠ્યું. ત્યારે સ્નેહીએ જોયું કે સુમિત અને તેનાં મમ્મી-પપ્પાં પણ ખુશ થઇને તાળીઓ પાડતાં હતાં. સ્નેહાને એ વાતથી આનંદ થયો કે તેણે રાત દિવસ એક કરીને સ્પર્ધા માટેની જે તૈયારી કરી હતી તે લેખે લાગી કારણ કે તેણે ખુબ આત્મવિશ્વાસ પૂર્વક અને જરા પણ ખચકાટ વગર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. જેના પરિણામ સ્વરૂપે આખો હૉલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો. તેથી સ્નેહાએ હાથ હલાવીને સૌ કોઇનું અભિવાદન કર્યું.

હવે સંયોજક છેલ્લા સ્પર્ધક સુમિતના નામની જાહેરાત કરી. મંચ પર આવી તેણે સૌ કોઇને નમસ્કાર કર્યા. તેણે અંગ્રેજીની તરફેણમાં પોતાના વિચારો રજૂ કરતાં કહ્યું. 'અંગ્રેજી વર્ષોથી ભારતની રાજકીય ભાષા હોવાથી તેણે રાષ્ટ્રભાષાનું સ્થાન લઇ લીધું હતું. અંગ્રેજી એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે આખાય વિશ્વમાં ફેલાયેલી છે. જયારે ગુજરાતી આપણા પ્રવેશ પુરતી પ્રાદેશિક ભાષા છે. અંગ્રેજીની વિશેષતાને કારણે ભારત સરકારે સ્વાતંત્ર્ય પછી પણ રાજકાજમાં અંગ્રેજીને એક સહ ભાષા તરીકે મહત્ત્વ આપ્યું છે. તેથી અંગ્રેજીનું આજે પણ એક આગવું સ્થાન છે. જયારે રાષ્ટ્રભાષા તરીકે માન્યતા આપવા છતાં હિન્દીની બાબતમાં આજે પણ દેશમાં આંદોલનો થાય છે. અંગ્રેજીમાં વૈજ્ઞાનિક, ટેકનિકલ અને કોંમ્પ્યુટર ક્ષેત્રે વપરાતા એવા પારિભાષિક શબ્દો પ્રચુર માત્રામાં છે. જે હિન્દી કે ગુજરાતીમાં મળતાં નથી. તેથી જ પ્રાદેશિક ભાષાઓમાં ઉચ્ચકોટીનું સાહિત્ય મળતું નથી. આજે પણ અંગ્રેજી માધ્યમમાં ભણનારા પ્રાઇવેટ સ્કૂલના વિદ્યાર્થીને વિશેષ મહત્ત્વ અપાય છે. તેથી અંગ્રેજી જ શ્રેષ્ઠ છે. તેથી તેને રાજકીય ભાષા સાથે સાથે રાષ્ટ્ર ભાષા તરીકે માન્યતા આપવી જોઇએ. જયારે હિન્દી કે ગુજરાતી જેવી પ્રાદેશિક ભાષા સૌને સહાયક ભાષા તરીકેનો દરજ્જો આપવો જોઇએ. કારણ કે અંગ્રેજી જ ફક્ત રાષ્ટ્રને જ નહીં પણ સમગ્ર વિશ્વને એક સૂત્રથી બાંધી રાખવામાં સમર્થ છે. આજે કોંમ્પ્યુટર યુગમાં અંગ્રેજીએ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી છે. જેથી તેનું મહત્ત્વ ખુબ જ વધી ગયું છે.'

આટલું કહીને સુમિતે પોતાની વાત પુરી કરી. આખો હૉલ તાળીઓથી ગુંજી ઉઠ્યો. સ્નેહાએ સુમિતને હાથ હલાવી અભિનંદન આપ્યાં. તેણે પણ તાળીઓમાં સૌનો સાથ આપ્યો.

થોડીવાર પછી સંયોજકે નિર્ણાયકોનો નિર્ણય જાહેર કર્યો. 'સ્નેહાએ ગુજરાતી માટે ખૂબ જ પ્રભાવશાળી રજૂઆત કરી જુદા જુદા ઉદાહરણો આપ્યાં. અને દરેક પાસાંની સુંદર રજૂઆત કરી તેથી નિર્ણાયકો સ્નેહાને પ્રથમ પુરસ્કારથી સન્માનિત કરવા યોગ્ય સમજે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ગુસ્સો... મન પર મણનો બોજ

ગુસ્સો ક્ષણિક શબ્દોમાં હોય છે, વ્યક્તિના દિલમાં નહીં, સંયમની પાળ તૂટે નહીં, તો ગુસ્સાનો ધોધ વહે નહીં

સવારે સાતને પચીસે સ્કૂલનો બૅલ વાગવાનો સમય અને ઘરની બધી તૈયારી કરી એક્ટિવાને સેલ મારી સવિતાબેન બળદનું પૂછડું આંબડી જેમ દોડાવે એમ એક્ટિવાના એક્સિલેટરને ઘુમાવી ગાડી દોડાવી મુકી... સ્ત્રી એટલે સંસારના અનેક કામો, કચકચો એ એમાંય સમયસર પહોંચવાનું ટેન્શન અને એમાંય આજના ફાસ્ટફુડીયા વિદ્યાર્થીઓ ભણવામાં નિયમિત નહીં અને શિસ્ત - સંયમનું કોઇ પાલન નહીં એટલે ડિસીપ્લીનનાં આગ્રહી સવિતાબેને વર્ગમાં તોફાની હરકતથી ભણતરનો માહોલ ડામાડોળ કરતાં રાજુને કાન પકડી બંને ગાલ પર એમનાં પંજાનો પ્રસાદ પીરસી દીધો... વર્ગમાં સન્નાટો છવાઇ ગયો...

રસ્તામાં આપણી ગાડીને ઘસીને કોઇ નીકળે અને આપણી ગાડીને સ્ક્રેચ પડે એટલે પેલાં બાઇલ સવારને આપણે મારીએ, ગાળો બોલીએ, પણ એને એટલો મારવાનો કે એના હાથ પગ તૂટી જાય? અરે, કદાચ જોરથી પછાડીએ અને માથું રસ્તા પર ભટકાય અને એ ધક્કો પ્રાણઘાતક નિવડે એન આપણાં હાથે હિંસા થઇ જાય!? બંને, વાતોમાં ગુસ્સાની અને એય ક્ષણિક ગુસ્સાની વાત છે... આપણને નાનપણથી જ શિખવાય છે કે સંમય રાખવો, કારણ વગર કોઇની સાથે ઝગડો કરવો નહીં, વાદ-વિવાદ કરવો નહીં. કોઇ એક ગાલે લાફો મારે તો બીજો ગાલ ધરવા જેટલાં આપણે સંતવૃત્તિના ના હોઇએ, તોય શાંત રહેવાનો પ્રયત્નો કરવો જોઇએ...

માણસનું મગજ છે ને વર્તન, ભાવના અને વિચારને આધીન છે. નાનાથી મોટા થતાં થતાં આપણાં મગજને ઘણા કમાન્ડ મળે છે. આમ બોલવું નહીં, આને મળવું નહીં, આવું વર્તવું નહીં, કોઇને ઇજા થાય એવું કરવું નહીં... આવી સૂચનાઓ બૅક ઑફ માઇન્ટ સ્ટૉર થવા લાગે અને આપણે સંયમી રહેવાનો પ્રયત્ન કરવા લાગીએ... ભાવનાનો જવાળામુખી કે ગુસ્સાના પારાને

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

દબાવી દેવામાં જ આપણું ભલું સમજીએ!!

કુકરમાં વરાળ ભેગી થાય, સીટી વાગે જ નહીં તો પછી એક ક્ષણ એવી આવે કે વરાળ વાલ્વ ફોડીને બહાર આવે, દૂધ ગેસ પર ગરમ કરવા મુકો અને ગેસ ચાલુ જ રહી જાય તો દૂધ ઉભરાઇ જાય. રબ્બરને ખેંચ ખેંચ કરો તો એક દિવસ તૂટવાનું જ છે... આ બધી ઉપમાઓ ટેન્શન કરનારી વ્યક્તિને બંધબેસતી છે એવું આપણને ખબર છે. પણ આ એમને શું એકદમ ફિટ થાય છે? કુકર ફાટે, રબ્બર તૂટે, દૂધ ઉભરાય એટલે પત્યું... ઘટના એકવાર બને એટલે પતી જાય... પણ આપણા સંયમની પરિક્ષા વારે-તહેવારે થતી જ હોય છે... વરાળને ઠારવા, રબ્બરને ઢીલ આપવા કે દૂધને ઠરવાં દેવા આપણે ક્યારેય રોકાઇએ છીએ??

કુદરતનું ચક્ર અવિરત ચાલ્યાં જ કરે છે, ઉનાળો, ચોમાસું, શિયાળો, સાંજ, રાત, સવાર, દિવસ પતેને રાત થાય, જમવાનું પચે ને ફરી ભૂખ લાગે, ઊંઘ મળે ને શરીર ફેરા થઇ ફરી કામે લાગી જાય... પણ માસનું મન એના હુકમો અને વિચાર માત્ર એની આ ક્રમને ચક્રને માનતું

નથી. એ વખતોવખતે બળવો પોકારો છે. મારા હાથે એવું કામ થાય જ નહીં, આવું તમારૂં બોલવું અયોગ્ય છે. આટલો ગુસ્સો આવે જ શાનો? આટલું બીને કેમ ચાલશે? આવાં પ્રશ્નો - અહમ આપણા મન અને વિચારને પંપાળ્યા કરે છે!!

આપણાં થાકેલાં - કંટાળેલા મન પર વિચાર ચઢાઇ કરે છે. આ વિદ્યાર્થીઓએ આવું વર્તન કરી કલાસ કરવો નહોતો, એ લોકોએ મને સમજી લેવાની જરૂર હતી, વિદ્યાર્થીઓએ તો શિસ્તમાં રહેવું જ જોઇએ, એમણે સારા માર્કસ્થી પાસ થવું જોઇએ, હવે તો મને ઑર્ડર મળી જ જવો જોઇએ... આવાં વિચારનું વલોણું મગજમાં ઘુમરાયાં કરે, એકલાપણું લાગ્યા કરે, સૌ લોકો આપણાં દુશ્મન લાગે, ઍટલીસ્ટ વિરૂધ્ધ લાગે, પોતાને અન્યાય થતો હોય એમ જ લાગે... એટલીસ્ટ આ બધાં મને સમજે તો સારૂં... આ 'એટલીસ્ટ' શબ્દ એટલે અન્યને સારૂં બોલવું, સારૂં વર્તન કરવું, આજ્ઞા માનવી, કામ થઇ જવું જેવી જવાબદારી એકાદી વ્યક્તિ પર ઢોળીને આપણાં મગજનો ભાર હળવો કરવાં જેવી વાત છે!!

હવે તો મને નોકરીનો ઑર્ડર મળવો જ જોઇએ... એમાં 'તો' શબ્દ છે ને એ સમસ્યા બતાવે છે, હવે તો છોકરાઓએ કલાસમાં શાંતિથી બેસવું જોઇએ, મને તો સન્માન મળવું જોઇએ, હવે તો સારૂં ઇન્ક્રીમેન્ટ જોઇએ, મને તો આ ફાવશે જ નહીં, વિષય બહારનું તો ભણાવીજ ના શકું... આ બધામાં આપણને આપણી જ ભૂલો દેખાતી નથી, આ બધાંનો માર્ગ છે, માત્ર શાંતિથી વિચાર કરીએ અને વિકટ પરિસ્થિતિમાં મોં બંધ કરી રાખી આ સ્થિતિને જેટલી અને જેવી હેન્ડલ કરતાં આવડે કરીએ... આપણે જે માર્ગે છીએ ત્યાં એકાદ વ્યક્તિ આપણી ઇચ્છા અનુસારને વર્તે તો શું એને મારવાની? વાદવિવાદ કરવાનો? ગુસ્સો કરવાનો? સજા કરવાની?

(અનુસંધાન પાના નં. ૬ પર)

જે અગાઉ બની ગયું છે તે મનગમતું હોય કે ઘૃણાજનક - વારંવાર રટણ કરવું તે અત્યારે હાથમાં રહેલો 'કિંમતી સમય' વેડફવા જેવું જ છે

'બંધ મુઠ્ઠીમાં સમયની વેદના સંતાડવાને
સદા ઓછું મલકતાં હું તમે ને આપણે.'

ઈશ્વરે આપેલા મગજમાં બે કામ છે - સ્મરણ અને વિસ્મરણ. અને અપેક્ષિત એ છે કે સારૂં સારૂં સ્મરણમાં રાખવું - અણગમતું હોય તેનું વિસ્મરણ કરવું - ભૂલી જવું.

પણ આપણું ગણિત પહેલેથી જ ખોટું એટલે કેટલુંયે નાખી દીધા જેવું યાદ રાખીએ - એને રટયા કરીને દુઃખી થઈએ - અને જે મળે તેને કહેતા ફરીએ સામે વાળાને ય આપણા કકળાટમાં સામેલ કરીએ.

આપણા સૌની જીંદગી એટલે માત્ર ૨૦૧૨ની સાલ કે ૨૦૨૫ની સાલ કે જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના બાર મહિનાઓનો સરવાળો નથી. તેથી ક્ષણે ક્ષણ જે પસાર થતી જાય છે. તેને સારી રીતે પસાર કરી શકીએ અથવા કોઇને કોઇ સર્જનાત્મક કામમાં પસાર કરી શકીએ તો એનું મહત્વ જળવાઇ રહે. બાકી તો દિવસો - મહિનાઓ - વર્ષો પસાર થઇ જતાં વાર લાગતી નથી. તેથી ભૂતકાળમાં બનેલી સારી-ખોટી ઘટનાઓને વાગોળ્યા કરીને અને આજે મળેલા નવા દિવસને પણ કડવાશથી ભરી દઇને આપણે ઘણું બધું ગુમાવીએ છીએ.

એદી ગૃહિણીના કબાટનાં ખાનાની જેમ બારણું ખોલતાં વેંત સરરર... કરતું બધું પડે આપણી ઉપર અને જે કામની વસ્તુ લેવા કબાટ ખોલ્યું હોય તે તો જડે નહીં. એટલે બધું હતું તેનાથી યે અણઘડ રીતે પાછું કબાટમાં ઠાંસી દેવામાં આવે.

એના કરતાં, નકામી વસ્તુઓ- વાતો- ઘટનાઓ બહાર ફેંકાતી જાય - રોજે રોજ - અને નવી સરસ મજાની ઘટનાઓને આવકારવા તૈયાર રહીએ તો કેટલી બધી તાજગી લાગે? અને એવું નથી કે માત્ર નકારત્મક વાતો કે વિચારો આપણે નવું કરતાં રોકે છે. ભલે ને સારી યાદો હોય કે ઘટનાઓ હોય તો પણ એમાં ખોવાયેલા રહેવાથી નવું કંઇક કરી શકવાની શકયતા ઘટતી જાય

પારિજાત
- રેખા ભટ્ટ

છે. જે અગાઉ બની ગયું છે તે મનગમતું હોય કે ઘૃણાજનક - વારંવાર રટણ કરવું તે અત્યારે હાથમાં રહેલો 'કિંમતી સમય' વેડફવા જેવું જ છે.

એવું કહી શકાય કે, પપ્પાની આંગળી પકડીને મેળો મહાલવા નીકળેલો બાળક રંગીન ફુગ્ગો લેવા માટે વારંવાર પાછળ જોયા કરે અને તેથી તે પપ્પા સાથે જયારે ચગડોળમાં બેસે ત્યારે મન ફુગ્ગામાં હોવાથી ચગડોળની મજા લઇ શકતો નથી.

આ સંદર્ભમાં મને એક સરસ વાર્તા યાદ આવે છે કે, એક ભિખારી હોસ્પિટલમાં મરણ પથારીએ પડ્યો હતો. એટલે ડોકટરે દયા ખાઇને એક સંતને ભિખારીની પથારી આગળ આવી અંત સમયની પ્રાર્થના કરી જવા વિનંતી કરી. એટલે સંતે ભિખારીના કાનમાં કહ્યું, 'દોસ્ત, તારા બંને હાથ ભેગા કરી ઈશ્વરનું ધ્યાન કર.' પણ ભિખારીએ એક હાથની મુઠ્ઠી વાળેલી જ રાખી અને કેમે કર્યો બંધ હાથ ખોલ્યો જ નહીં. સંતની વારંવાર વિનંતી છતાં ભિખારીએ મુઠ્ઠી ખોલી નહીં, હાથ જોડી પ્રાર્થના કરી નહીં.

થોડી ક્ષણોમાં ભિખારી મૃત્યુ પામ્યો એટલે સંતે તેની મુઠ્ઠી ખોલી તો એમાં પરસેવો અને માટીથી ગંદો થયેલો સિક્કો હતો, જે મુઠ્ઠી ખોલતાવેંત નીચે પડી ગયો.

ભિખારીનું મરણ નક્કી હોવા છતાં પ્રાર્થના થઇ શકી નહીં.

આ તો એક કાલ્પનિક ઘટના છે પણ આપણે આવું તો કરતા નથી ને? મેલો-ઘેલો સિક્કો છૂટી શકતો નથી અને પ્રાર્થના સુખ, આર્શિવાદની તક ગુમાવતા તો નથી ને? વીતી ગયેલી અણગમતી વાતો આજનો આનંદ પણ ઝુંટવી લે છે.

આપણા સૌના માનીતા કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલનો પણ આવો જ કંઇક સૂર છે.

"પાત્રતા છે એ જ સાચી,
સાવ ખાલી ખમ્મ થા,
આવડે એવા સહજ ખુલ્લા
આવાજે ગીત ગા,
વાત છે ખાલી થવાની તું
વધારે ભર નહીં,
જે મળ્યું છે એને મેળવવા
મથામણ કર નહીં."

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૬મી જાન્યુઆરી

- ગાંધીજ